સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS





**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)


[FEB - 2019]
[10/02 to 16/02]

# WEEK-07

**CURRENT**

- ભારતીય વાયુસેનાને મળશે 4 નવા ચિનૂક હેલિકોપ્ટર
- ભારતમાં સૌપ્રથમ ગુજરાતમાં 8મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સ 2019નું આયોજન
- CBDTના ચેરમેન શ્રી સુશીલ ચંદ્રાની ભારતના નવા ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક
- ભારતની સૌથી મોટી બાયો–રિફાઈનરીનો શિલાન્યાસ
- ગુજરાતમાં PM-KISAN યોજનાનો લાભ લેવા માટેના નિયમો
- સ્વચ્છ શક્તિ 2019
- સૈન્ય અભ્યાસ કોબરા ગોલ્ડ 2019


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 10 FEBRUARY, 2019 SUNDAY

## ➤ દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી 2019, મહાસુદ પાંચમ - વસંતપંચમી

સમગ્ર ભારતમાં **મહાસુદ પાંચમ 'વસંતપંચમી'** તરીકે ઉજવાય છે.

- પ્રાચીન ભારતીય પંરપરા અનુસાર વસંતપંચમી એ **મા સરસ્વતી**ની ઉપાસનાનો શ્રેષ્ઠ દિવસ છે.
- આથી, વસંતપંચમીને **'જ્ઞાનપંચમી'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

**નોંધ :** તાજેતરમાં ઉત્તરપ્રદેશના **પ્રયાગરાજ** ખાતે યોજાયેલા કુંભ અથવા તો અર્ધ કુંભ મેળામાં **'વસંતપંચમી'**ના દિવસે અખાડાઓનાં **ત્રીજા અને અંતિમ શાહી સ્નાન**નું આયોજન થયું હતું.



## ➤ ભારતની સૌથી મોટી બાયો-રિફાઈનરીનો શિલાન્યાસ

9 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **આસામ**ના **નુમાલીગઢ** ખાતે ભારતની **સૌથી મોટી બાયો-રિફાઈનરી**નો શિલાન્યાસ કર્યો છે.

- ભારતમાં કુલ **12 નવી બાયો-રિફાઈનરી** સ્થાપવાની કેન્દ્ર સરકારની યોજના છે.
- જેમાં આસામના **નુમાલીગઢ** ખાતે સ્થપાનાર **NRL (Numaligarh Refinery Limited) બાયો-રિફાઈનરી** ભારતની **સૌથી મોટી બાયો-રિફાઈનરી** હશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પૂર્વોત્તર ગેસ ગ્રીડનો શિલાન્યાસ

9 ફેબ્રુઆરી, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **આસામ**ના **ગુવાહાટી** ખાતે **પૂર્વોત્તર ગેસ ગ્રીડ**નો શિલાન્યાસ કર્યો હતો.

- આ ગેસ ગ્રીડથી સમગ્ર વિસ્તારમાં કુદરતી ગેસની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે અને ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળશે.
- આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **આસામ**ને **તેલ અને કુદરતી ગેસ હબ** તરીકે પરિવર્તિત કરવાની જાહેરાત કરી હતી.

**નોંધ :** (1) ભારતમાં પેટ્રોલ તથા ડિઝલમાં **10 ટકા ઈથેનોલ** મિક્સ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

(2) આ માટે ભારતમાં **12** નવી **બાયો-ફ્યુઅલ રિફાઈનરી** સ્થાપવાની કેન્દ્ર સરકારની યોજના છે.

## ➤ North Eastના બીજા Green field એરપોર્ટનો શિલાન્યાસ

9 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **અરૂણાચલ પ્રદેશ**ના **ઈટાનગર** ખાતે **હોલાંગી Green Field એરપોર્ટ**નો શિલાન્યાસ કર્યો છે.

- આશરે રૂ. 955 કરોડના ખર્ચે બનનાર **હોલાંગી એરપોર્ટ** **પાક્યોંગ એરપોર્ટ** બાદ **પૂર્વોત્તર ભારતનું બીજું Green Field એરપોર્ટ** છે.

**નોંધ :** (1) પૂર્વોત્તર ભારતના **સિક્કિમ**માં આવેલું **પાક્યોંગ એરપોર્ટ સિક્કિમનું પ્રથમ** અને **ભારતનું 100મું** એરપોર્ટ છે.

(2) આ ઉપરાંત **પાક્યોંગ એરપોર્ટ** એ **પૂર્વોત્તર ભારતનું પ્રથમ Green Field** એરપોર્ટ છે.

### Green Field Airport એટલે શું ?

ગ્રીન ફિલ્ડ એરપોર્ટ એટલે એવું એરપોર્ટ કે જે પર્યાવરણીય ગુણો ધરાવતું હોય.

- આ એરપોર્ટમાં ખાલી રહેતી અથવા એરપોર્ટની બિન ઉપયોગી જમીનમાં લીલુંઘાસ તથા અન્ય લીલી વનસ્પતિ વાવવામાં આવે છે.
- આ ઉપરાંત આ એરપોર્ટના નિર્માણમાં પર્યાવરણને નુકશાન ન થાય તેનું પણ ધ્યાન રાખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સેલા ટનલનો શિલાન્યાસ

9 ફેબ્રુઆરી, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **અરૂણાચલ પ્રદેશ**ના **ઈટાનગર** ખાતેથી **સેલા ટનલ**નો શિલાન્યાસ કર્યો હતો.

- રૂ. 687 કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ ટનલથી દરેક ઋતુમાં **તવાંગ ઘાટી** સુધી પહોંચી શકાશે.
- તથા **તેજપુર અને તવાંગ**ની યાત્રાના સમયમાં એક કલાકનો ઘટાડો થશે.
- જેનાથી ભારતીય સુરક્ષા દળો અને સ્થાનિક લોકોને લાભ થશે.

### DD ચેનલ-અરૂણ પ્રભાનો શુભારંભ

9 ફેબ્રુઆરી, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **અરૂણાચલ પ્રદેશ**ના **ઈટાનગર**ના **આઈજી પાર્ક**માંથી અરૂણાચલ પ્રદેશ માટે એક વિશેષ **DD ચેનલ અરૂણ પ્રભા**નો શુભારંભ કર્યો હતો.

- અરૂણ પ્રભાએ 24X7 દૂરદર્શન ચેનલ છે.

### North Eastની પ્રથમ FTIIનો શિલાન્યાસ

9 ફેબ્રુઆરી, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **અરૂણાચલ પ્રદેશ**ના **ઈટાનગર** પાસે **જોટ** ખાતે બનનાર **FTII**ના નવા ભવનનો શિલાન્યાસ કર્યો હતો.

- જે **પૂર્વોત્તર ભારતની પ્રથમ FTII** છે.

**નોંધ :** FTIIનું પૂરું નામ **Film and Television Institute of India** છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## 9 ફેબ્રુઆરી, 2019ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિકાસકાર્યોનું લોકાર્પણ તથા શિલાન્યાસ

| ક્રમ | વિકાસકાર્ય | સ્થળ/રાજ્ય | વિશેષતા |
|---|---|---|---|
| 1 | NRL બાયો–રિફાઈનરીનો શિલાન્યાસ | નુમાલીગઢ, આસામ | ભારતની સૌથી મોટી બાયો–રિફાઈનરી |
| 2 | પૂર્વોત્તર ગેસ ગ્રીડ | આસામ | આસામના ગુવાહાટી ખાતેથી શિલાન્યાસ |
| 3 | હોલાંગી Green field એરપોર્ટનો શિલાન્યાસ | ઈટાનગર, અરૂણાચલ પ્રદેશ | પૂર્વોત્તર ભારતનું બીજું ગ્રીન ફિલ્ડ એરપોર્ટ |
| 4 | સેલા ટનલ | અરૂણાચલ પ્રદેશ | અરૂણાચલ પ્રદેશના ઈટાનગર ખાતેથી શિલાન્યાસ |
| 5 | અરૂણ પ્રભા ચેનલ | અરૂણાચલ પ્રદેશ | અરૂણાચલ પ્રદેશના ઈટાનગર ખાતેથી શુભારંભ |
| 6 | FTIIના નવા ભવનનો શિલાન્યાસ | જોટ, ઈટાનગર (અરૂણાચલ પ્રદેશ) | પૂર્વોત્તર ભારતની પ્રથમ FTII |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

કરી શકો જો યુદ્ધ પહેલા જ, યુદ્ધની કવાયત
GPSCનો જંગ જીતવા, આવો કરીએ જમાવટ

પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના
શરૂઆતથી નિમણૂક પત્ર સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ

GPSC
ક્લાસ 1/2
P.I. S.T.I.
DY.SO
DY.MAMLATDAR

સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ
GPSC CLASS 1/2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ
દરેક વિષયની ઉંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી
GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ

ફ્રી ટ્રાયલ લેક્ચર

વિકલી OMR પેપર પ્રેક્ટિસ
GPSC CLASS 1/2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન
GPSCદ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

TIME
7:30 TO 9:30 AM

## ICE Questions

1. ભારતમાં કયો દિવસ 'વસંતપંચમી' તરીકે ઉજવાય છે ?
(A) માગસર સુદ પાંચમ (B) માગસર વદ (C) મહાસુદ પાંચમ (D) મહાવદ પાંચમ **(C)**

2. પ્રાચીન ભારતીય પરંપરા અનુસાર ભારતમાં વસંતપંચમીને કોની ઉપાસના માટેનો શ્રેષ્ઠ દિવસ માનવામાં આવે છે ?
(A) સૂર્ય (B) સપ્તર્ષિ (C) શ્રી ગણેશજી (D) દેવી સરસ્વતી **(D)**

3. ભારતમાં 'વસંતપંચમી' બીજા કયા નામે ઓળખાય છે ?
(A) મોક્ષપંચમી (B) વીણાપંચમી (C) જ્ઞાનપંચમી (D) ઉપાસના પંચમી **(C)**

4. 9 ફેબ્રુઆરી, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કઈ જગ્યાએ સ્થપાનાર ભારતની સૌથી મોટી બાયો–રિફાઈનરીનો શિલાન્યાસ કર્યો છે ?
(A) નુમાલીગઢ, આસામ (B) ઈટાનગર, અરૂણાચલ પ્રદેશ
(C) ગુવાહાટી, આસામ (D) ભૂવનેશ્વર, ઓડિશા **(A)**

5. 9 ફેબ્રુઆરી, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂર્વોત્તર ભારતની પ્રથમ FTIIના નવા ભવનનો શિલાન્યાસ કર્યો છે...તેની સ્થાપના પૂર્વોત્તર ભારતમાં કઈ જગ્યાએ થશે ?
(A) જોટ, ગુવાહાટી (આસામ) (B) નુમાલીગઢ, આસામ
(C) જોટ, ઈટાનગર (અરૂણાચલ પ્રદેશ) (D) ઈમ્ફાલ, મણિપુર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 11 FEBRUARY, 2019 MONDAY

### ➤ અબુધાબીમાં કોર્ટની સત્તાવાર ભાષા તરીકે હિન્દીનો સમાવેશ



<u>સંયુક્ત આરબ અમીરાત (United Arab Emirates-UAE)</u>માં <u>અબુધાબી</u>ના કાયદા વિભાગ દ્વારા <u>અબુધાબી</u>માં <u>કોર્ટની ત્રીજી સત્તાવાર ભાષા</u> તરીકે <u>હિન્દી ભાષા</u>ને માન્યતા આપવામાં આવી છે.

- અબુધાબીની કોર્ટમાં આ અગાઉ <u>અંગ્રેજી અને અરબી</u> સત્તાવાર ભાષા હતી.
- હવે તેમાં <u>હિન્દી ભાષા</u>નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- અબુધાબીમાં ન્યાયિક પ્રક્રિયામાં સરળતા માટે આ નિર્ણય લેવાયો છે.

**નોંધ :** સંયુક્ત આરબ અમીરાતની કુલ વસતીમાં ભારતીય લોકોની સંખ્યા આશરે 30 ટકા જેટલી છે.

## ➤ શ્રી મહેન્દ્રસિંહ ધોની 300 ટી-20 રમનાર સૌપ્રથમ ભારતીય ખેલાડી



તાજેતરમાં ન્યુઝીલેન્ડના હેમિલ્ટન ખાતે રમાયેલી ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રીજી ટી-20 મેચ શ્રી મહેન્દ્રસિંહ ધોનીની 300મી ટી-20 મેચ હતી.

- આ સાથે જ શ્રી મહેન્દ્રસિંહ ધોની 300 ટી-20 મેચ રમનાર ભારતના સૌપ્રથમ અને વિશ્વના 12મા ખેલાડી બની ગયા છે.

નોંધ : સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ટી-20 મેચ રમવાનો રેકોર્ડ વેસ્ટ ઈન્ડીઝના ઓલરાઉન્ડર શ્રી કીરોન પોલાર્ડના નામે છે. તેમણે 4 ફેબ્રુઆરી, 2019 સુધીમાં આશરે 443 ટી-20 મેચો રમી છે.

## ➤ આયુષ્માન ભારત યોજનાના ગુજરાત રાજ્યના સર્વપ્રથમ મેગા કેમ્પનો રાજકોટથી પ્રારંભ

10 ફેબ્રુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં રાજકોટ ખાતેથી આયુષ્માન ભારત યોજનાના ગુજરાત રાજ્યના સર્વપ્રથમ મેગા કેમ્પનો શુભારંભ કર્યો છે.

- આયુષ્માન ભારત યોજના અંતર્ગત રાજકોટ શહેરના આશરે 96,000 જેટલા પરિવારોના અંદાજિત 5 લાખ જેટલા નાગરિકોને આરોગ્ય કવચ ઉપલબ્ધ કરાવવા માટે રાજકોટ મ્યુનિસિપાલિટી દ્વારા રાજકોટની શ્રી ધર્મેન્દ્રસિંહજી કોલેજના પટાંગણમાં આ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ➤ વડાપ્રધાનશ્રીને મળેલી ભેટ અને સ્મૃતિ ચિહ્નોની આવકનો નમામી ગંગા કાર્યક્રમમાં ઉપયોગ થશે

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભેટ અને સ્મૃતિ ચિહ્ન સ્વરૂપે મળેલી 1800 જેટલી વસ્તુઓની હરરાજી કરવામાં આવી હતી.

- આ સ્મૃતિ ચિહ્નો તેના બેઝ પ્રાઈઝથી અનેક ગણી ઊંચી કિંમતે વેચાયા હતા.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સ્મૃતિ ચિહ્નોની હરરાજીની આવક Girls education Program (બાલિકા શિક્ષા કાર્યક્રમ)માં આપી દીધી હતી.
- જ્યારે વર્તમાન હરરાજીમાંથી પ્રાપ્ત થયેલી આવક નમામી ગંગા કાર્યક્રમ માટે આપવામાં આવશે.

## ➤ ભારતીય વાયુસેનાને મળશે 4 નવા ચિનૂક હેલિકોપ્ટર

10 ફેબ્રુઆરી, 2019ના રોજ અમેરિકાની એરોસ્પેસ કંપની બોઈંગ દ્વારા ભારતીય વાયુસેના માટે 4 ચિનૂક હેલિકોપ્ટર ગુજરાતના મુંદ્રા બંદરે પહોંચાડવામાં આવ્યા છે.

- આ CH-47F(I) Chinook helicopterને મુંદ્રા બંદરેથી ચંદીગઢ લઈ જવાશે અને ત્યાંથી ઔપચારિક રીતે ભારતીય વાયુસેનાને સોંપવામાં આવશે.
- આ હેલિકોપ્ટરથી ભારતીય એરફોર્સની ક્ષમતા વધશે અને તેનાથી દુર્ગમ પહાડી વિસ્તારોમાં માલ–સામાન તથા શસ્ત્ર સરંજામ પહોંચાડવામાં મદદ થશે.

## 15 ચિનૂક હેલિકોપ્ટર માટે કરાર

સપ્ટેમ્બર, 2015માં અમેરિકાની બોઈંગ નામની કંપની પાસેથી 15 ચિનૂક હેલિકોપ્ટર તથા 22 અપાચે હેલિકોપ્ટરની ખરીદી માટેની પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

- આ અંતર્ગત 15 ચિનૂક હેલિકોપ્ટરમાંથી પહેલા તબક્કામાં 4 CH-47F(I) Chinook હેલિકોપ્ટર ભારતને સોંપવામાં આવ્યા છે.

## ચિનૂક હેલિકોપ્ટરની વિશેષતા

(1) ચિનૂક હેલિકોપ્ટર અમેરિકન સૈન્યનું એક વિશિષ્ટ હેલિકોપ્ટર છે. આ હેલિકોપ્ટરની મદદથી જ અમેરિકાને ઓસામા બિન લાદેનને મારવામાં સફળતા મળી હતી.

(2) ચિનૂક મલ્ટિપર્પઝ, વર્ટિકલ લિફ્ટ પ્લેટફોર્મ હેલિકોપ્ટર છે, તેનો ઉપયોગ સૈનિકો, શસ્ત્રો, સાધનો અને ઈંધણના પરિવહન માટે થઈ શકે છે.

(3) ચિનૂક બે રોટરવાળું હેવીલિફ્ટ હેલિકોપ્ટર છે.

(4) તે ખૂબ જ વધુ ઊંચાઈ સુધી ઉડાન ભરી શકે છે અને 9.6 ટન વજન ઉઠાવી શકે છે. આથી દુર્ગમ પહાડી વિસ્તારો તેમજ દુર્ગમ સરહદી વિસ્તારોમાં હેવી મશીનરી, તોપ, ટેન્ક વગેરે લઈ જવામાં તે સક્ષમ છે.

(5) કુદરતી તથા માનવ નિર્મિત આફતોમાં રાહત સામગ્રી પહોંચાડવા માટે તેમજ મોટી સંખ્યામાં રાહત સામગ્રી પહોંચાડવા માટે તેમજ મોટી સંખ્યામાં લોકોને બચાવવા માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચિનૂક હેલિકોપ્ટરનું ભારત માટે વ્યૂહાત્મક મહત્ત્વ

વ્યૂહાત્મક દૃષ્ટિએ ભારત માટે ચિનૂક હેલિકોપ્ટર ખૂબ જ મહત્ત્વના છે.

- આ હેલિકોપ્ટરની મદદથી ભારત પાકિસ્તાન તથા ચીનના સરહદી વિસ્તારોમાં રોડ રસ્તાના નિર્માણ માટેનો સામાન સરળતાથી પહોંચાડી શકાશે.
- જેથી ભારતના સરહદી વિસ્તારોમાં માળખાગત સુવિધાનો ઝડપથી વિકાસ થશે.

**નોંધ :** (1) ભારત અમેરિકાના ચિનૂક હેલિકોપ્ટરનો ઉપયોગ કરનાર વિશ્વનો 19મો અને અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ કરનાર વિશ્વનો 14મો દેશ હશે.

(2) અમેરિકાના અપાચે હેલિકોપ્ટરની ગણતરી વિશ્વના સૌથી શ્રેષ્ઠ લડાકૂ હેલિકોપ્ટરમાં થાય છે.



## ➤ ભારતની સૌથી મોટી પેટ્રોલિયમ ભૂગર્ભ સંગ્રહ સુવિધા વિશાખાપટ્ટનમ સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વનું લોકાર્પણ



10 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંધ્રપ્રદેશના ગૂંટૂર** ખાતેથી **ભારતની સૌથી મોટી પેટ્રોલિયમ ભૂગર્ભ સંગ્રહ સુવિધા 'વિશાખાપટ્ટનમ સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ'**નું લોકાર્પણ કર્યું છે.

- રૂ. 1125 કરોડના ખર્ચે નિર્માણ પામેલ વિશાખાપટ્ટનમ સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વની સંગ્રહ ક્ષમતા 1.33 MMT છે.
- ભારતમાં **ઉર્જા સુરક્ષામાં વૃદ્ધિ** કરવાના ઉદ્દેશથી **ISPRL (Indian Strategic Petroleum Reserve Limited)** દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## ➤ 'સર્જિંગ સિલ્ક' કાર્યક્રમમાં બુનિયાદ રીલિંગ મશીનનું વિતરણ

તાજેતરમાં 9 ફેબ્રુઆરી, 2019ના રોજ કેન્દ્ર સરકારના **કાપડ મંત્રાલય અને રેશમ બોર્ડ** દ્વારા નવી દિલ્હી ખાતે **'સર્જિંગ સિલ્ક'** નામની એક મેગા સિલ્ક ઈવેન્ટનું આયોજન થયું હતું.

- આ ઈવેન્ટમાં **જનજાતિ ક્ષેત્રની મહિલાઓ**ને **રેશમ**ની કામગીરી માટે **'બુનિયાદ તસર સિલ્ક રીલિંગ મશીન'**નું વિતરણ કરવામાં આવ્યું હતું.
- **તસર રેશમ ક્ષેત્ર** સાથે સંકળાયેલી **ગરીબ ગ્રામીણ તથા આદિવાસી મહિલાઓ**ની આવકમાં વૃદ્ધિ થાય તે માટે તથા તેમની મહેનત ઘટે તે માટે આ રીલિંગ મશીનનું વિતરણ કરવામાં આવ્યું છે.
- આ મશીનની મદદથી અગાઉ પ્રતિદિન રૂ. 125 કમાતી મહિલાઓ રૂ. 350 સુધીની કમાણી કરી શકશે.

**નોંધ :** (1) સમગ્ર વિશ્વમાં **ચીન** બાદ **ભારત** રેશમ (Silk)નો **બીજો સૌથી મોટો** ઉત્પાદક દેશ છે.
(2) સમગ્ર વિશ્વમાં રેશમ અથવા તો Silkનો સૌથી વધુ વપરાશ **ભારત**માં જ થાય છે.
(3) વર્ષ 2013-14 બાદ ભારતમાં **રેશમ**ના ઉત્પાદનમાં આશરે **41 ટકા**નો વધારો થયો છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. તાજેતરમાં અબુધાબીમાં કોર્ટની કેટલામી સત્તાવાર ભાષા તરીકે હિન્દી ભાષાનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

2. તાજેતરમાં કઈ જગ્યાએ કોર્ટની ત્રીજી સત્તાવાર ભાષા તરીકે હિન્દી ભાષાને માન્યતા આપવામાં આવી છે ?
(A) સાઉદી અરેબિયા (B) કુવૈત (C) અબુધાબી (D) રિયાધ **(C)**

3. 300 ટી-20 મેચ રમનાર સૌપ્રથમ ભારતીય ક્રિકેટરનું નામ શું છે ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી મહેન્દ્રસિંહ ધોની (C) શ્રી રોહિત શર્મા (D) શ્રી શિખર ધવન **(B)**

4. 10 ફેબ્રુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આયુષ્માન ભારત યોજનાના ગુજરાત રાજ્યના સર્વ પ્રથમ મેગા કેમ્પનો કયાંથી શુભારંભ કર્યો હતો ?
(A) અમદાવાદ (B) જામનગર (C) ભાવનગર (D) રાજકોટ **(D)**

5. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળેલી ભેટ અને સ્મૃતિ ચિહ્નોની હરરાજી કરવામાં આવી હતી... આ હરરાજીમાંથી થયેલી આવકનો ઉપયોગ કયા કાર્યક્રમમાં થશે ?
(A) બાલિકા શિક્ષા કાર્યક્રમ (B) પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ
(C) નમામી ગંગા કાર્યક્રમ (D) પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના **(C)**

6. તાજેતરમાં અમેરિકાની એક કંપની દ્વારા ભારતીય વાયુ સેના માટે પ્રથમ તબક્કામાં કયા 4 હેલિકોપ્ટર ભારતને સોંપવામાં આવ્યા છે ?
(A) અપાચે C4-7 (I) (B) ચિનૂક C4-7 (I)
(C) CH-47F (I) ચિનૂક (D) CH-47F (I) અપાચે **(C)**

7. તાજેતરમાં અમેરિકાની કઈ કંપની દ્વારા ભારતને 4 ચિનૂક હેલિકોપ્ટર સોંપવામાં આવ્યા છે ?
(A) MD Helicopters (B) Textron
(C) Lockheed Martin (D) Boeing **(D)**

8. તાજેતરમાં અમેરિકાની બોઈંગ નામની એરોસ્પેસ કંપનીએ પ્રથમ તબક્કામાં ભારતને 4 ચિનૂક હેલિકોપ્ટર સોંપ્યા છે... આ કંપની સાથે સપ્ટેમ્બર 2015માં કુલ કેટલા ચિનૂક હેલિકોપ્ટર માટે ભારતના કરાર થયા હતા ?
(A) 10 (B) 15 (C) 18 (D) 20 **(B)**

9. 10 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંધ્રપ્રદેશના ગુંટૂર ખાતેથી ભારતની સૌથી મોટી કઈ પેટ્રોલિયમ ભૂગર્ભ સંગ્રહ સુવિધાનું લોકાર્પણ કર્યું છે ?
(A) હૈદરાબાદ સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ (B) ચેન્નાઈ સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ
(C) બેંગાલુરુ સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ (D) વિશાખાપટ્ટનમ સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


ICE Questions

10. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં કયા ક્ષેત્ર સાથે સંકળાયેલી ગરીબ ગ્રામીણ તથા આદિવાસી મહિલાઓને બુનિયાદ રીલિંગ મશીનનું વિતરણ કરવામાં આવ્યું છે ?
(A) ખાદી (B) ઊન (C) સ્પન (D) રેશમ **(D)**

11. સમગ્ર વિશ્વમાં ભારત રેશમનો કેટલામો સૌથી મોટો ઉત્પાદક દેશ છે ?
(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો **(B)**


12. 2013-14 બાદ ભારતમાં રેશમના ઉત્પાદનમાં આશરે કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 11 ટકા (B) 21 ટકા (C) 31 ટકા (D) 41 ટકા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**12 FEBRUARY, 2019 TUESDAY**

## ➤ ભારતના પ્રસિદ્ધ ઈતિહાસકાર શ્રી સંજય સુબ્રમણ્યમને 2019નો ડેન ડેવિડ પુરસ્કાર એનાયત



ભારતના પ્રસિદ્ધ **ઈતિહાસકાર શ્રી સંજય સુબ્રમણ્યમ**ને **વર્ષ 2019**નો **ઈઝરાયેલ**નો પ્રસિદ્ધ **'ડેન ડેવિડ પુરસ્કાર'** એનાયત થયો છે.

- શ્રી સંજય સુબ્રમણ્યમને **MACRO History**માં પ્રદાન બદલ આ પુરસ્કાર એનાયત થયો છે.
- ડેન ડેવિડ પુરસ્કાર **PAST, PRESENT** અને **FUTURE** એમ કુલ **ત્રણ કેટેગરી**માં એનાયત થાય છે.
- એમાંથી શ્રી સંજય સુબ્રમણ્યમને **PAST** કેટેગરીનો ડેન ડેવિડ પુરસ્કાર એનાયત થયો છે.
- PAST કેટેગરીના આ પુરસ્કાર માટે શ્રી સંજય સુબ્રમણ્યમ ઉપરાંત શિકાગો યુનિવર્સિટીના પ્રોફેસર **શ્રી કેનેથ પોમેરાંઝ**ની પણ પસંદગી કરવામાં આવી છે. આ બંનેને સંયુક્ત રીતે આ પુરસ્કાર એનાયત થયો છે.

### DAN DAVID PRIZE

**ડેન ડેવિડ ફાઉન્ડેશન** દ્વારા **દર વર્ષે Past (ભૂતકાળ) Present (વર્તમાન)** અને **Future (ભવિષ્ય)** એમ કુલ **ત્રણ** કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.




- આ એવોર્ડ અંતર્ગત એવોર્ડ વિજેતા વ્યક્તિને એવોર્ડ ઉપરાંત **10 લાખ અમેરિકન ડોલર** પુરસ્કાર રૂપે આપવામાં આવે છે.
- **સાયન્સ, ટેક્નોલોજી, સંસ્કૃતિ** અને **સામાજિક કલ્યાણ**ના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન બદલ **ઈઝરાયેલ**માં આ પુરસ્કાર એનાયત થાય છે.
- ડેન ડેવિડ ફાઉન્ડેશનનું હેડક્વાર્ટર **ઈઝરાયેલ**ની **તેલ અવીવ યુનિવર્સિટી**માં આવેલું છે.
- સૌપ્રથમ **મે 2002**માં **તેલ અવીવ યુનિવર્સિટી**માં આ પુરસ્કાર માટેનો સમારોહ યોજાયો હતો.

**નોંધ :** (1) આ અગાઉ **2017**માં ભારતીય વૈજ્ઞાનિક **શ્રી શ્રીનિવાસ કુલકર્ણી**ને **'Future'**ની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

(2) **શ્રી સંજય સુબ્રમણ્યમ**ને આ અગાઉ વર્ષ **2012**માં **'Infosys Prize'** પણ એનાયત થયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ICE ®

## ➤ વડાપ્રધાનશ્રીએ વૃંદાવનમાં સ્કૂલના બાળકોને ત્રણ અબજમી ભોજન થાળી પીરસી

11 જાન્યુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **ઉત્તરપ્રદેશ**ના **વૃંદાવન** ખાતે આવેલા ચંદ્રોદય મંદિરમાં **અક્ષય પાત્ર ફાઉન્ડેશન** દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સ્કૂલના બાળકોને **ત્રણ અબજમી (300 કરોડમી) ભોજનની થાળી પીરસી** હતી.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## Akshaya Patra Foundation



The Akshaya Patra Foundation એ એક નોન-પ્રોફિટ સંસ્થા છે. અને તે ભારતમાં સ્કૂલ લંચ પ્રોગ્રામનું સંચાલન કરે છે.

- વર્ષ 2000માં કર્ણાટકના બેંગાલુરુ ખાતે તેની સ્થાપના થઈ હતી.
- ભારતમાં વર્ષ 2003થી અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા મધ્યાહન ભોજન યોજના (Mid-Day Meal Scheme) અંતર્ગત સરકારી શાળાઓમાં બાળકોને રાંધેલો ખોરાક આપવામાં આવે છે.
- ભારત સરકારની પાર્ટનરશિપથી અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા ભારતમાં હાલ ગુજરાત સહિત ભારતના 12 રાજ્યોની 14,702 સ્કૂલોમાં દરરોજ 17,62,133 બાળકોને ભોજન આપવામાં આવે છે.
- આ અંતર્ગત 11 જાન્યુઆરી, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના વૃંદાવન ખાતે સ્કૂલના બાળકોને અક્ષયપાત્ર ફાઉન્ડેશનની 3 અબજમી ભોજન થાળી પીરસી હતી.

**નોંધ :** (1) અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા વર્ષ 2016માં ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીની ઉપસ્થિતિમાં 2 અબજમી (200 કરોડમી) ભોજન થાળી પીરસવામાં આવી હતી.

(2) ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 1 જાન્યુઆરી, 1995થી મધ્યાહન ભોજન યોજનાનો પ્રારંભ થયો હતો.

(3) અક્ષયપાત્ર ફાઉન્ડેશનને વર્ષ 2016નો 'ગાંધી શાંતિ પુરસ્કાર' એનાયત થયો હતો.




## ➢ 13મી ઈન્ટરનેશનલ તેલ & ગેસ કોન્ફરન્સ પેટ્રોટેક 2019




10થી 12 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ભારતમાં <u>ઉત્તરપ્રદેશ</u>ના <u>ગ્રેટર નોઈડા</u> ખાતે <u>ઈન્ડિયા એક્સ્પો સેન્ટર</u>માં <u>13મી ઈન્ટરનેશનલ તેલ અને ગેસ કોન્ફરન્સ પેટ્રોટેક 2019</u>નું આયોજન થયુ હતું.

- પેટ્રોટેક 2019ને ભારતનું મુખ્ય <u>હાઈડ્રોકાર્બન સંમેલન</u> માનવામાં આવે છે.
- ભારત સરકારના <u>પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય</u> દ્વારા આયોજિત આ સંમેલનમાં વિવિધ દેશોના 95થી વધુ ઉર્જામંત્રીઓ તથા 70થી વધુ દેશોના 7000 જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.
- 11 ફેબ્રુઆરી, 2019ના રોજ વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>એ આ સંમેલનનું <u>ઔપચારિક ઉદ્દઘાટન</u> કર્યું હતું.

**નોંધ :** (1) આ અગાઉ 5 ડિસેમ્બર, 2016ના રોજ વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>એ 12મા પેટ્રોટેક સંમેલન 2016નું ઉદ્દઘાટન કર્યું હતું. અને એ પ્રસંગે તેમણે <u>ઉર્જા પહોંચ, ઉર્જા કાર્યક્ષમતા, ઉર્જા સ્થિરતા અને ઉર્જા સુરક્ષા</u>ને <u>ભારતના ઉર્જા ભવિષ્યના ચાર સ્તંભ</u> ગણાવ્યા હતા.

(2) હવે વર્ષ 2019માં તેમણે તેમાં પાંચમા સ્તંભ <u>'ઉર્જા ન્યાય'</u>નો ઉમેરો કર્યો છે.

(3) સમગ્ર વિશ્વમાં હાલ <u>અમેરિકા</u> તેલ અને ગેસનો વિશ્વનો સૌથી મોટો <u>ઉત્પાદક</u> દેશ છે.

(4) સમગ્ર વિશ્વમાં <u>ભારત</u> હાલ <u>ચોથો</u> સૌથી મોટો તેલ શોધવાની ક્ષમતા ધરાવતો દેશ છે.

(5) વર્ષ <u>2030</u> સુધીમાં <u>ભારત</u> વિશ્વની <u>બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા</u> અને વિશ્વનો <u>ત્રીજો સૌથી મોટો ઉર્જા વપરાશકર્તા દેશ</u> બનવાની સંભાવના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE Questions

1. ભારતના કયા પ્રસિદ્ધ ઈતિહાસકારને તાજેતરમાં વર્ષ 2019નો ડેન ડેવિડ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) શ્રી સંજય સુબ્રમણ્યમ (B) શ્રી સંજય ચટ્ટોપાધ્યાય
(C) શ્રી સંજય મુખર્જી (D) શ્રી સંજય ચતુર્વેદી
**(A)**

2. ડેન ડેવિડ પુરસ્કારના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાન સાચાં છે ?
(1) Past, Present અને Future એમ ત્રણ કેટેગરીમાં એનાયત થતો આ અમેરિકાનો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.
(2) આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને 10 લાખ (1 મિલિયન) અમેરિકન ડોલર આપવામાં આવે છે.
(3) શ્રી સંજય સુબ્રમણ્યમ આ પુરસ્કાર વિજેતા પ્રથમ ભારતીય વ્યક્તિ છે.
(A) 1, 2, 3 (B) 1, 3 (C) 2, 3 (D) ફક્ત 2
**(D)**

3. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કઈ જગ્યાએ સ્કૂલના બાળકોને અક્ષયપાત્ર ફાઉન્ડેશનની 3 અબજમી થાળી પીરસી હતી ?
(A) મથુરા, ઉત્તરપ્રદેશ (B) વારાણસી, ઉત્તરપ્રદેશ
(C) વૃંદાવન, ઉત્તરપ્રદેશ (D) પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ
**(C)**

4. નીચેનામાંથી કયું–કયા વિધાનો સાચાં છે ?
(1) ભારતમાં વર્ષ 2003થી અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા Mid-Day Meal Schemeનું સંચાલન કરવામાં આવે છે.
(2) ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજનાનો પ્રારંભ 1 જાન્યુઆરી, 2003થી થયો હતો.
(A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) 1 અને 2 બંનેમાંથી એક પણ નહિ
**(B)**

5. અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં સ્કૂલના વિદ્યાર્થીઓને કેટલામી ભોજનથાળી પીરસવામાં આવી હતી ?
(A) 1 અબજમી (B) 2 અબજમી (C) 3 અબજમી (D) 5 અબજમી
**(C)**

6. પેટ્રોટેક 2019 અથવા તો 13મી ઈન્ટરનેશનલ તેલ & ગેસ કોન્ફરન્સ પેટ્રોટેક 2019નું તાજેતરમાં કયાં આયોજન થયું હતું ?
(A) નવી દિલ્હી (B) પ્રયાગરાજ (C) ગ્રેટર નોઈડા (D) વારાણસી
**(C)**

7. 10થી 12 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ઉત્તરપ્રદેશના ગ્રેટર નોઈડા ખાતે યોજાયેલ પેટ્રોટેક 2019નું ઔપચારિક ઉદ્ઘાટન કોણે કર્યું હતું ?
(A) શ્રી ધર્મેન્દ્ર પ્રધાન (B) શ્રીમતી સુષ્મા સ્વરાજ
(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રી યોગી આદિત્યનાથ
**(C)**

8. ભારતના મુખ્ય હાઈડ્રોકાર્બન સંમેલનનું નામ શું છે ?
(A) હાઈડ્રોટેક (B) કાર્બનટેક (C) હાઈડ્રોકાર્બનટેક (D) પેટ્રોટેક
**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 13 FEBRUARY, 2019 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : 13 ફેબ્રુઆરી, વિશ્વ રેડિયો દિન (World Radio Day)

સમગ્ર વિશ્વમાં 13 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ રેડિયો દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- UNESCOની 36મી જનરલ કોન્ફરન્સમાં 3 નવેમ્બર, 2011ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ માટેનો પ્રસ્તાવ સ્પેન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

### વર્ષ 2019ની વિશ્વ રેડિયો દિવસની થીમ

વર્ષ 2019ની વિશ્વ રેડિયો દિવસની થીમ 'Dialogue, Tolerance and Peace (સંવાદ, સહિષ્ણુતા અને શાંતિ)' છે.

## ➤ સિંહ, દીપડા અને વાઘ હોય તેવું ભારતનું પ્રથમ રાજ્ય ગુજરાત

તાજેતરમાં ગુજરાતના મહિસાગર જિલ્લામાં વાઘ જોવા મળ્યો હોવાની વાતને ફોરેસ્ટ વિભાગે સમર્થન આપ્યું છે.

- આ સાથે જ બિલાડી કુળના ત્રણ પ્રાણીઓ સિંહ, દીપડો અને વાઘ ધરાવતું ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.
- તાજેતરમાં 8 ફેબ્રુઆરી, 2019ના રોજ લુણાવાડાના શિક્ષક શ્રી મહેશ મહેરાવે ગઢ ગામની સીમમાં રસ્તો ઓળંગતા વાઘનો ફોટો પાડ્યો હતો અને આ વિસ્તારમાં વાઘ હોવાની વાત કરી હતી.
- ત્યારબાદ મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના મોતારાના જંગલ વિસ્તારમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા મૂકાયેલા CCTV કેમેરામાં ગુજરાતમાં વાઘ હોવાના પ્રથમ પ્રત્યક્ષ પુરાવા સાથે વાઘ ફરતો દેખાયો હતો.
- ગુજરાતમાં આ વાઘ ગુજરાતના સરહદી રાજ્ય મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર કે પછી રાજસ્થાનમાંથી આવ્યો હોવાનું માનવામાં આવે છે.
- જોકે, આ અગાઉ મધ્યપ્રદેશના ઉજ્જૈનના જંગલોમાંથી થોડા દિવસો અગાઉ એક વાઘ ગૂમ થયો હોવાના અહેવાલ પણ છે.

નોંધ : CCTVનું પૂરું નામ 'Closed Circuit Television છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશ્વ તથા ભારતમાં વાઘની સંખ્યા

વિશ્વમાં સૌથી વધુ વાઘ ભારતમાં છે. વિશ્વની કુલ સંખ્યાના આશરે 70 ટકા વાઘ ભારતમાં છે.

- વર્ષ 2006માં ભારતમાં 1411 વાઘ હતા. જે વર્ષ 2010માં વધીને 1706 અને 2014માં 2226 થઈ ગયા છે.
- 2010ની તુલનાએ 2014માં ભારતમાં વાઘની સંખ્યામાં 30.5%નો વધારો થયો છે.
- ભારતમાં વાઘની સૌથી વધુ સંખ્યા કર્ણાટકમાં છે.

**ભારતના વિવિધ રાજ્યોમાં વાઘની સંખ્યા**

| ક્રમ | રાજ્ય | વાઘની સંખ્યા |
|---|---|---|
| 1 | કર્ણાટક | 408 |
| 2 | ઉત્તરાખંડ | 340 |
| 3 | મધ્યપ્રદેશ | 308 |
| 4 | તમિલનાડુ | 229 |
| 5 | મહારાષ્ટ્ર | 190 |
| 6 | આસામ | 167 |
| 7 | કેરળ | 136 |
| 8 | ઉત્તરપ્રદેશ | 117 |

## ➤ ગુજરાતમાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (PM-KISAN) યોજનાનો લાભ લેવા માટેના નિયમો

**પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના** હેઠળ ગુજરાતમાં **બે હેક્ટર** સુધી જમીન ધરાવતા જમીન ધારક **ખેડૂત કુટુંબ**ને **ત્રણ સમાન હપ્તા**માં વર્ષે કુલ **રૂ. 6000**નો લાભ મળશે.

- આ અંતર્ગત એક ખાતામાં (8/અમાં) એક થી વધુ ખેડૂત કુટુંબ આવતા હશે તો પણ દરેક કુટુંબદીઠ રૂ. 6000ની સહાય મળવાપાત્ર થશે. ખાતામાં જેટલા કુટુંબ થશે **તેટલા તમામ કુટુંબદીઠ રૂ. 6000** મુજબ દરેક કુટુંબને લાભ મળશે.

### ખેડૂત કુટુંબની વ્યાખ્યા

પતિ, પત્ની અને સગીર બાળકો (18 વર્ષથી ઓછી વયના) કે જેઓ સંયુક્ત રીતે પોતાની બે હેક્ટર સુધી ખેડાણ લાયક જમીન ધરાવતા હોય.

### ગુજરાતમાં આ યોજનાનો લાભ લેવા માટેની પાત્રતા

(1) વ્યક્તિગત ખેડૂત તરીકે **બે હેક્ટર** સુધી જમીન ધારણ કરેલી હોય.

(2) **લેન્ડ રેકોર્ડમાં એક કરતા વધુ જમીન ધારક ખેડૂત કુટુંબના નામ હોય અને કુલ જમીન બે હેક્ટર કરતા ઓછી હોય તે કિસ્સામાં રેકોર્ડમાં નામ ધરાવતા તમામ સ્વતંત્ર ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે.** (દા.ત. બે હેક્ટર સુધી જમીન હોય અને એ ખાતામાં પાંચ નામ હોય, જેમાં પતિ–પત્ની અને ત્રણ બાળકો હોય અને ત્રણેય બાળકો પુખ્તવયના હોય તો અહીં ચાર ખેડૂત કુટુંબ ગણાશે અને ચારેયને લાભ મળવાપાત્ર થશે.)

(3) **વ્યક્તિગત અને સંયુક્ત ખાતા પૈકી કોઈ એક અથવા બંનેમાં એક કરતાં વધુ જગ્યાએ જમીન ધારક ખેડૂત કુટુંબ તરીકે નામ ધરાવતા હોય તે કિસ્સામાં તેમના માલિકીપણા હેઠળ આવતી તમામ ખાતાની જમીન કુલ બે હેક્ટરની મર્યાદામાં હોય.** (દા.ત. ખેડૂત કુટુંબ પૈકી પતિનું નામ એક ખાતામાં હોય અને પત્નીનું નામ બીજા ખાતામાં હોય તો તેમના બંનેના ભાગે આવતી જમીન કુલ બે હેક્ટરની મર્યાદામાં હોય તો પણ લાભ મેળવવા પાત્ર રહેશે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) **લેન્ડ રેકોર્ડમાં કુલ જમીન બે હેક્ટર કરતાં વધુ હોય અને એમાં સમાવિષ્ટ જમીન ધારક ખેડૂત કુટુંબમાં પ્રતિ ખેડૂત કુટુંબદીઠ જમીન બે હેક્ટરની મર્યાદામાં આવતી હોય તે કિસ્સામાં સમાવિષ્ટ તમામ ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે.** (દા.ત. જમીનનું ખાતુ દસ હેક્ટરનું હોય અને એમાં કુલ આઠ નામ હોય જે પૈકી પતિ, પત્ની, ત્રણ પુખ્ત બાળકો અને ત્રણ અન્ય પુખ્ત સભ્યોના નામ હોય તો અહીં સાત ખેડૂત કુટુંબ થશે. જેથી તમામના ભાગે મોટે ભાગે બે હેક્ટર કરતાં ઓછી જમીન થશે અને તેથી સાત ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર થશે.)

## ➤ સ્વચ્છ શક્તિ 2019

તાજેતરમાં 12 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **હરિયાણા**ના **કુરુક્ષેત્ર** ખાતે યોજાયેલ **'સ્વચ્છ શક્તિ 2019'**નો શુભારંભ કર્યો હતો.

- મહિલા સરપંચોના આ સંમેલનમાં સમગ્ર **ભારત**ના આશરે **15,000**થી વધુ **મહિલા સરપંચ** તથા **પંચોએ** ભાગ લીધો હતો.
- ભારતમાં **સ્વચ્છ ભારત મિશન**ની સફળતા માટે ગ્રામીણ મહિલાઓના નેતૃત્વ હેઠળ થયેલી કામગીરીને બિરદાવવા માટે **મહિલા સરપંચો**ના આ **સંમેલન**નું આયોજન થાય છે.
- ભારતમાં સૌપ્રથમ **2017**માં **ગુજરાત**ના **ગાંધીનગર** ખાતે **પ્રથમ સ્વચ્છ શક્તિ સંમેલન** યોજાયું હતું.
- ત્યારબાદ વર્ષ **2018**માં **ઉત્તરપ્રદેશ**ના **લખનૌ** ખાતે **બીજું** અને હાલ **2019**માં **હરિયાણા**ના **કુરુક્ષેત્ર** ખાતે **ત્રીજા સ્વચ્છ શક્તિ સંમેલન**નું આયોજન થયું છે.
- આ સંમેલનમાં **સ્વચ્છ શક્તિ 2019 પુરસ્કારો**નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.



## ➤ હરિયાણામાં National Cancer Instituteનું લોકાર્પણ



12 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **હરિયાણા**ના **ઝજ્જર** જિલ્લાના **બાડસા** ખાતે નિર્માણ પામેલી **રાષ્ટ્રીય કેન્સર ઈન્સ્ટિટ્યુટ**નું લોકાર્પણ કર્યું છે.

- આ ઈન્સ્ટિટ્યુટમાં 700 બેડની સુવિધાવાળી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### શ્રીકૃષ્ણ આયુષ યુનિવર્સિટી

12 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **હરિયાણા**ના **કુરુક્ષેત્ર** ખાતે નિર્માણ પામનાર **શ્રી કૃષ્ણ આયુષ યુનિવર્સિટી**નો શિલાન્યાસ કર્યો છે.

- **ભારતીય ચિકિત્સા પદ્ધતિ** સંબંધિત આ **વિશ્વની પ્રથમ યુનિવર્સિટી** હશે.
- આ યુનિવર્સિટીમાં આયુર્વેદ, યોગ, યૂનાની, સિદ્ધ અને હોમિયોપેથી જેવી ચિકિત્સા પદ્ધતિઓના શિક્ષણ અને ઈલાજની વ્યવસ્થા કરવામાં આવશે.

### પાણીપત યુદ્ધ સંગ્રહાલય

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **હરિયાણા**ના **પાણીપત** ખાતે નિર્માણ પામનાર **'પાણીપત યુદ્ધ સંગ્રહાલય'**નો પણ શિલાન્યાસ કર્યો છે.

- પાણીપતના વિવિધ યુદ્ધના નાયકોના સન્માન માટે આ યુદ્ધ સંગ્રહાલયનું નિર્માણ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. 'વિશ્વ રેડિયો દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 10 ફેબ્રુઆરી (B) 11 ફેબ્રુઆરી (C) 13 ફેબ્રુઆરી (D) 14 ફેબ્રુઆરી — **(C)**

2. વર્ષ 2019ની 'વિશ્વ રેડિયો દિવસ'ની થીમ શું છે ?
   (A) સુખ, શાંતિ અને સૌહાર્દ (B) સંવાદ, શાંતિ અને અહિંસા
   (C) સંવાદ, શાંતિ અને શૌર્ય (D) સંવાદ, સહિષ્ણુતા અને શાંતિ — **(D)**

3. તાજેતરમાં ગુજરાતમાં કયા જિલ્લાના મોતારાના જંગલમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા મૂકાયેલા CCTV કેમેરામાં ગુજરાતમાં વાઘ હોવાના પ્રથમ પ્રત્યક્ષ પૂરાવા મળ્યા હતા ?
   (A) અરવલ્લી (B) મહિસાગર (C) નર્મદા (D) પંચમહાલ — **(B)**

4. તાજેતરમાં ગુજરાતમાં મહિસાગર જિલ્લાના કયા તાલુકાના મોતારાના (અથવા તો સંતના) જંગલમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા મૂકાયેલા CCTV કેમેરામાં ગુજરાતમાં વાઘ હોવાના પ્રથમ પ્રત્યક્ષ પૂરાવા મળ્યા હતા ?
   (A) લુણાવાડા (B) બાલાસિનોર (C) ખાનપુર (D) સંતરામપુર — **(D)**

ICE Questions

5. નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
(1) ભારતમાં વાઘની સૌથી વધુ સંખ્યા મધ્યપ્રદેશમાં છે.
(2) વિશ્વની કુલ સંખ્યાના આશરે 70 ટકા વાઘ ભારતમાં છે.
(3) ભારતમાં વર્ષ 2010ની તુલનાએ 2014માં વાઘની સંખ્યામાં 30.5 ટકાનો ઘટાડો થયો છે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) ફક્ત 2 **(D)**

6. ગુજરાતમાં પ્રધાનમંત્રી સમ્માન નિધિ (PM-KISAN) યોજનાનો લાભ લેવા માટે ગુજરાત સરકારે કરેલી જાહેરાત અનુસાર ખેડૂત કુટુંબની વ્યાખ્યામાં કોનો સમાવેશ થાય છે ?
(A) પતિ, પત્ની અને તેમના બાળકો તેમજ કાકા–કાકી, બા–બાપુજી
(B) પતિ, પત્ની અને તેમના બાળકો તથા બા–બાપુજી
(C) પતિ, પત્ની અને તેમના બાળકો
(D) પતિ, પત્ની અને 18 વર્ષથી ઓછી વયના સગીર બાળકો **(D)**

7. ગુજરાતમાં પ્રધાનમંત્રી સમ્માન નિધિ (PM-KISAN) યોજનાના લાભાર્થીના સંબંધમાં નીચેનામાંથી કયું/કયા વિધાન સાચાં છે ?
(1) જયાં 2 હેક્ટરની મર્યાદાનું પાલન થતું હોય એવા એક ખાતાદીઠ ગમે તેટલા કુટુંબ હોય, ખાતાદીઠ ફક્ત રૂ. 6000 મળવાપાત્ર થશે.
(2) જયાં 2 હેક્ટરની મર્યાદાનું પાલન થતું હોય એવા એક ખાતામાં જેટલા કુટુંબ થશે તેટલા તમામ કુટુંબ દીઠ રૂ. 6000 મુજબ દરેક કુટુંબને લાભ મળશે.
(A) ફક્ત-1 (B) ફક્ત-2
(C) 1 અને 2 બંને (D) 1 અને 2 બંનેમાંથી એકપણ નહિ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. 12 ફેબ્રુઆરી, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ શક્તિ 2019નો શુભારંભ કયાંથી કર્યો હતો ?
(A) પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ (B) લખનૌ, ઉત્તરપ્રદેશ
(C) પાણીપત, હરિયાણા (D) કુરુક્ષેત્ર, હરિયાણા **(D)**

9. તાજેતરમાં 12 ફેબ્રુઆરી, 2019ના રોજ હરિયાણાના કુરુક્ષેત્ર ખાતે કેટલામા સ્વચ્છ શક્તિ સંમેલનનું આયોજન થયું હતું ?
(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પ્રથમ **(B)**

10. તાજેતરમાં ભારતીય ચિકિત્સા પદ્ધતિ સંબંધિત વિશ્વની પ્રથમ યુનિવર્સિટીનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કઈ જગ્યાએ શિલાન્યાસ કર્યો છે ?
(A) ઝજ્જર, હરિયાણા (B) કુરુક્ષેત્ર, હરિયાણા
(C) પાણીપત, હરિયાણા (D) ગુરૂગ્રામ, હરિયાણા **(B)**

ICE ? Questions

11. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હરિયાણાના કુરુક્ષેત્ર ખાતે ભારતીય ચિકિત્સા પદ્ધતિ સંબંધિત વિશ્વની કઈ પ્રથમ યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો છે ?

(A) શ્રીકૃષ્ણ આયુષ યુનિવર્સિટી (B) રાષ્ટ્રીય આયુષ યુનિવર્સિટી
(C) આંતરરાષ્ટ્રીય આયુષ યુનિવર્સિટી (D) શ્રી દીનદયાળ ઉપાધ્યાય આયુષ યુનિવર્સિટી **(A)**

## 14 FEBRUARY, 2019 THURSDAY

### ➤ દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, માતૃપિતૃ પૂજન દિવસ (Parent's Worship Day)

ભારતમાં દર વર્ષે <u>14 ફેબ્રુઆરી</u>ના રોજ <u>'વેલેન્ટાઈન ડે'</u>ના વિકલ્પ તરીકે <u>'માતૃપિતૃ પૂજન દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસે ગુજરાત સહિત ભારતના કેટલાક રાજ્યોની સ્કૂલોમાં સ્કૂલના બાળકો દ્વારા તેમના માતા–પિતાની પૂજા કરવામાં આવે છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ <u>2007</u>થી થયો હતો.

### ➤ ભારતમાં સૌપ્રથમ ગુજરાતમાં 8મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સ 2019નું આયોજન

તાજેતરમાં 11થી 13 ફેબ્રુઆરી, 2019 દરમિયાન <u>ગુજરાત</u>ના <u>ગાંધીનગર</u> ખાતે <u>'ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી' (GFSU)</u>ના ઓડિટોરિયમ હોલમાં <u>8મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સ 2019</u>નું આયોજન થયું હતું.

- <u>ઈન્ટરનેશનલ એસોશિયેશન ઓફ પોલીસ એકેડેમીઝ</u> અને <u>GFSU</u>ના સંયુક્ત ઉપક્રમે <u>ભારતમાં પ્રથમ વખત</u> આ સમિટનું આયોજન થયું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

#### કોન્ફરન્સનું ઉદ્ઘાટન

11 ફેબ્રુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી <u>શ્રી વિજયભાઈ રૂપાણી</u>એ આ 8મી ઈન્ટરપા કોન્ફરન્સનું <u>ઉદ્ઘાટન</u> કર્યું હતું.

#### કોન્ફરન્સની થીમ

આ 8મી ઈન્ટરપા કોન્ફરન્સમાં <u>'સાયબર સિક્યુરિટી એન્ડ કોમ્બેટીંગ સાયબર ક્રાઈમ'</u> થીમ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.



## INTERPA શું છે ?

**INTERPA** નું પૂરું નામ **International Association of Police Academies** છે.

- **ઈન્ટરપા** એ વિશ્વના વિવિધ દેશોમાં આવેલી **પોલીસ એકેડમીઝ** અને તેને સમકક્ષ, **સુરક્ષા ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓનું વૈશ્વિક એસોશિયેશન** છે.
- તેની સ્થાપના **2 જુલાઈ, 2011**ના રોજ **ઈસ્તંબુલ**માં થઈ હતી.
- જેમાં ભારત સહિત કુલ 56 દેશના કુલ **72** સભ્યો છે.
- **ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (GFSU)** પણ આ ઈન્ટરપાની **સભ્ય** છે.
- આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ પોલીસ તાલીમ અને શિક્ષણ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાએ કોમ્યુનિકેશન એન્ડ કોલોબોરેશનનું પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.
- **ડો. ઈલમાઝ કોલક કી નોટ** ઈન્ટરપાના વર્તમાન (14 ફેબ્રુઆરી, 2019ની સ્થિતિએ) **પ્રમુખ** છે.
- ઈન્ટરપાનું હેડક્વાર્ટર **તૂર્કી**ના **અંકારા** ખાતે **Turkish National Police Academy**માં આવેલું છે.

## ઈન્ટરપા કોન્ફરન્સ

**એપ્રિલ 2012**માં **તૂર્કી**ના **એન્ટાલિયા** ખાતે **પ્રથમ** વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સનું આયોજન થયું હતું.

- જ્યારે આ અગાઉ **એપ્રિલ, 2018**માં **કતાર** ખાતે **7મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સ** યોજાઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 8મી ઈન્ટરપા કોન્ફરન્સનું મહત્વ

ડિજિટલ રીતે કનેક્ટેડ વર્તમાન વિશ્વમાં દિવસેને દિવસે વધતા જતા **સાયબર ક્રાઈમ** અને **સાયબર એટેક**ના ખતરાના સંદર્ભમાં આ અંગે યોજાયેલી આ 8મી ઈન્ટરપા કોન્ફરન્સથી વૈશ્વિક સ્તરે **સાયબર સુરક્ષાને વધુ સક્ષમ** બનાવવા માટે બળ મળશે.

- આ કોન્ફરન્સમાં સાયબર સુરક્ષાને વધુ મજબૂત બનાવવા અને સાયબર ગુનાઓ અટકાવવા માટે વિશ્વભરના સાયબર તજજ્ઞો અને પોલીસ અધિકારીઓએ પોતાના અનુભવો તેમજ જ્ઞાનનું આદાનપ્રદાન કર્યું હતું.

## લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ



આ પ્રસંગે ઈન્ટરપાના પ્રમુખ **ડો. ઈલમાઝ કોલકે** ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી **(GFSU)**ના ડાયરેક્ટર **શ્રી જે. એમ. વ્યાસ**ને **લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ** પણ એનાયત કર્યો હતો.

## ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (GFSU)

ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (GFSU)એ **ફોરેન્સિક અને તેની સાથે સંબંધિત વિજ્ઞાન** માટે સમર્પિત **વિશ્વની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી** છે.

- **30 સપ્ટેમ્બર, 2008**ના રોજ ગુજરાત વિધાનસભામાં એક્ટ પસાર કરીને આ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ **જુલાઈ, 2009**થી તેમાં વિવિધ **અભ્યાસક્રમોનો પ્રારંભ** થયો હતો.
- **મે, 2011**માં તેને UGC દ્વારા **યુનિવર્સિટી** તરીકેની માન્યતા મળી હતી.
- ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનું સૂત્ર (આદર્શ વાક્ય) **'જ્ઞાન-વિજ્ઞાન વિમુક્તયે'** છે.
- આ યુનિવર્સિટીના વર્તમાન (14 ફેબ્રુઆરી, 2019ની સ્થિતિએ) ડાયરેક્ટર જનરલ **ડો. જે. એમ. વ્યાસ** છે.

GFSU Gujarat Forensic Sciences University
Knowledge | Wisdom | Fulfilment

## 8મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફ્રન્સ માટે GFSUની પસંદગી શા માટે કરવામાં આવી હતી ?

સમગ્ર વિશ્વમાં **ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ**ને સુદૃઢ બનાવવા માટે **GFSU** (ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી) હાલ **બોર્ડરપોલ, એશિયનપોલ, ઈન્ટરપા** વગેરે જેવી સંસ્થાઓ સાથે જોડાણ કરીને **વિશ્વભરના પોલીસ અધિકારીઓને** સતત તાલીમ આપવાની તેમજ ફોરેન્સિક સુવિધાઓને ઉપલબ્ધ કરાવવાની કામગીરી કરી રહી છે.

- આથી, ખૂબ જ ટૂંકા સમયમાં GFSUએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે.
- આ બાબત ધ્યાનમાં રાખીને ઈન્ટરપા કમિટીએ 8મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સના આયોજન માટે GFSU, ગાંધીનગરની પસંદગી કરી હતી.

**નોંધ :** (1) તાજેતરમાં 23 ઓગસ્ટ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે **એશિયા**ના **સૌપ્રથમ 'બેલેસ્ટિક રિસર્ચ સેન્ટર'**નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- એશિયાના આ પ્રથમ બેલેસ્ટિક રિસર્ચ સેન્ટરમાં આર્મ્ડ વેહિકલ તથા અન્ય સાધનો **બુલેટ પ્રૂફ** છે કે નહિ તેની ચકાસણી કરવામાં આવશે.

(2) આ ઉપરાંત તેમણે ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે **ભારત**ના **પ્રથમ 'સાયબર ડીફેન્સ સેન્ટર'**નું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

- આ સાયબર ડીફેન્સ સેન્ટરમાં સાયબર સોફ્ટવેર કે હાર્ડવેરની ખામીઓ શોધી તેનો ઉકેલ આપવામાં આવશે.

(3) આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોલીસ આધુનિકરણ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગરની ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીને **રૂા. 300 કરોડ**ના ખર્ચે અપગ્રેડ કરીને **'સેન્ટર ઓફ એક્સલન્સ'** બનાવવાની જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ગુર્જરોને 5% અનામતનો ખરડો રાજસ્થાન વિધાનસભામાં પસાર

13 ફેબ્રુઆરી, 2019ના રોજ **ગુર્જરો**ને **5% અનામત** આપતો ખરડો **રાજસ્થાન** વિધાનસભામાં પસાર થયો છે.

- આ માટે રાજસ્થાનના કેબિનેટ મંત્રી **શ્રી બી. ડી. કલ્લા** દ્વારા રાજસ્થાન વિધાનસભામાં **પછાત વર્ગ અનામત બિલ 2019** રજૂ કરવામાં આવ્યું હતું.
- આ બિલમાં **રાજસ્થાન**માં **ગુર્જર** સહિત કુલ **પાંચ જાતિઓ** માટે સરકારી નોકરી તથા શૈક્ષણિક સંસ્થાઓમાં **5 ટકા અનામત**ની જોગવાઈ કરવામાં આવી છે.

## ➤ વેનેઝુએલામાં રાજકીય સંકટ

**શ્રી નિકોલસ માદુરો** વર્ષ **2013**થી **વેનેઝુએલા**ના **રાષ્ટ્રપતિ** છે. અને વર્ષ **2018**માં તેઓ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા હતા.

- જોકે થોડા સમય અગાઉ વેનેઝુએલાના **વિપક્ષ**ના નેતા **શ્રી જુઆન ગુઈદો**એ વર્ષ 2018ની ચૂંટણીમાં ગરબડનો આરોપ મૂકીને **ખુદને વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ** જાહેર કરી દીધા હતા.
- **શ્રી જુઆન ગુઈદો**ના આ નિર્ણયને **અમેરિકા**, કેનેડા, ફ્રાન્સ, જર્મની, બ્રિટન, ઈઝરાયેલ સહિત વિશ્વના આશરે **20 દેશો**એ ટેકો આપ્યો છે.
- જ્યારે **રશિયા-ચીન અને તૂર્કી** શ્રી જુઆન ગુઈદોના વિરોધમાં છે અને તેમણે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ **શ્રી નિકોલસ માદુરો**ને ટેકો આપ્યો છે.
- 13 ફેબ્રુઆરી, 2019ના રોજ વેનેઝુએલાના વિપક્ષના નેતા **શ્રી જુઆન ગુઈદો**એ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ શ્રી નિકોલસ માદુરો વિરુદ્ધ વેનેઝુએલાની રાજધાની **કરાકાસ**માં એક રેલી યોજી હતી. જેમાં આશરે 2.5 લાખ લોકો ઉપસ્થિત રહયા હતા.

**નોંધ :** (1) વેનેઝુએલાની રાજધાની **કરાકાસ** છે.

(2) 20 ઓગસ્ટ, 2018 બાદ વેનેઝુએલાની નવી કરન્સી **Boliver Soberano** છે. Boliver Fuerteની જગ્યાએ તે ચલણમાં આવી છે.

(3) વેનેઝુએલાના 46મા રાષ્ટ્રપતિ **શ્રી નિકોલસ માદુરો**ના પક્ષનું નામ **United Socialist Party** છે.

(4) જ્યારે વેનેઝુએલાના વિપક્ષના નેતા **શ્રી જુઆન ગુઈદો**ના પક્ષનું નામ **Popular Will** અથવા તો **Voluntad Popular** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. ભારતમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન ડે'ના વિકલ્પ તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) માતૃભૂમિ ભક્તિ દિન (B) માતૃ ભક્તિ દિન
   (C) માતૃપિતૃ ભક્તિ દિન (D) માતૃપિતૃ પૂજન દિન — **(D)**

2. 11થી 13 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ભારતમાં સૌપ્રથમ વખત ઈન્ટરપા કોન્ફરન્સ 2019નું કયાં આયોજન થયું હતું ?
   (A) નવી દિલ્હી (B) ગાંધીનગર (C) બેંગાલુરૂ (D) મુંબઈ — **(B)**

3. 11 થી 13 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ગુજરાતના ગાંધીનગર ખાતે કઈ જગ્યાએ યોજાયેલી ઈન્ટરપા કોન્ફરન્સ 2019નું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉદઘાટન કર્યું હતું ?
   (A) મહાત્મા મંદિર (B) અક્ષરધામ મંદિર
   (C) રક્ષા શક્તિ યુનિવર્સિટી (D) ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી — **(D)**

4. 11થી 13 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ગુજરાતમાં GFSU ગાંધીનગર ખાતે કેટલામી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સનું આયોજન થયું હતું ?
   (A) 5મી (B) 7મી (C) 8મી (D) 10મી — **(C)**

## ICE Questions

**5.** 11થી 13 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ગુજરાતમાં GFSU ગાંધીનગર ખાતે યોજાયેલી 8મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સની થીમ શું હતી ?

(A) ન્યુ ટ્રેન્ડસ ઈન કોમ્બેટીંગટેરરીઝમ એન્ડ એક્સ્ટ્રીમીઝમ

(B) સાયબર ઈસ્યુ એન્ડ ન્યુ એપ્રોચ ઈન કોમ્બેટીંગ

(C) સાયબર સિક્યુરિટી એન્ડ કોમ્બેટીંગ સાયબર ક્રાઈમ

(D) સાયબર ઈસ્યુ એન્ડ કોમ્બટીંગ સાયબર સિક્યુરિટી **(C)**

**6.** ઈન્ટરપા(INTERPA)નું પૂરું નામ શું છે ?

(A) International Association For Police Academies

(B) International Association of Police Academies

(C) International Academies for Police Association

(D) International Academies of Police Association **(B)**

**7.** નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચું/સાચા છે ?

(1) ઈન્ટરપા એ પોલીસ એકેડમીઝ અને તેને સમકક્ષ સુરક્ષા ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓનું એક વૈશ્વિક એસોશિયેશન છે.

(2) ઈન્ટરપાની સ્થાપના 2 જુલાઈ, 2011ના રોજ અંકારામાં થઈ હતી.

(A) 1 અને 2　(B) ફક્ત-1

(C) ફક્ત-2　(D) બંનેમાંથી એકપણ નહિ **(B)**

**8.** ફોરેન્સિક અને તેની સાથે સંબંધિત વિજ્ઞાન માટે સમર્પિત વિશ્વની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટીનું નામ શું છે ?

(A) UBC　(B) Cambridge　(C) ETH Zurich　(D) GFSU **(D)**

**9.** ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (GFSU)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

(1) 30 સપ્ટેમ્બર, 2008ના રોજ ગુજરાત વિધાનસભામાં એક એક્ટ પસાર કરીને તેની સ્થાપના કરવામાં આવી હતી.

(2) મે 2013માં તેને UGC દ્વારા યુનિવર્સિટી તરીકેની માન્યતા મળી હતી.

(3) વિજ્ઞાન–વિદ્યા–વિમુક્તયે તેનું સૂત્ર છે.

(A) 1, 2, 3　(B) 1, 3　(C) 2, 3　(D) ફક્ત-1 **(D)**

**10.** તાજેતરમાં રાજસ્થાન વિધાનસભામાં ગુર્જર સહિત કુલ પાંચ જાતિઓને કેટલા ટકા અનામત આપતો ખરડો પસાર થયો છે ?

(A) 5 ટકા　(B) 7 ટકા　(C) 10 ટકા　(D) 12 ટકા **(A)**

**11.** તાજેતરમાં વેનેઝુએલામાં વિપક્ષના કયા નેતાએ ખુદને વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ જાહેર કર્યા છે ?

(A) શ્રી નિકોલસ માદુરો　(B) શ્રી હ્યુગો ચાવેઝ　(C) શ્રી રાફેલ કોલ્ડેરા　(D) શ્રી જુઆન ગુઈદો **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**15 FEBRUARY, 2019 FRIDAY**

## ➢ CBDTના ચેરમેન શ્રી સુશીલ ચંદ્રાની ભારતના નવા ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક



**CBDT (Central Board of Direct Taxes)**ના ચેરમેન **શ્રી સુશીલ ચંદ્રા**ની તાજેતરમાં ભારતના **નવા ચૂંટણી કમિશનર** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી સુશીલ ચંદ્રા **1980ની બેચના IRS ઓફિસર** છે. અને હાલ તેઓ CBDTના ચેરમેન તરીકે ફરજ બજાવી રહ્યા છે.
- વર્ષ 2018માં સેવાનિવૃત્ત થયેલા **શ્રી ઓ. પી. રાવત**ના સ્થાને હવે તેમની ભારતના **નવા ચૂંટણી કમિશનર** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

### ભારતના મુખ્ય તેમજ અન્ય ચૂંટણી કમિશનર

ભારતના ચૂંટણી પંચમાં **એક મુખ્ય ચૂંટણી કમિશનર** અને **બે અન્ય ચૂંટણી કમિશનર** હોય છે.

- આ અંતર્ગત વર્તમાન સમયે (15 ફેબ્રુઆરી, 2019)ની સ્થિતિએ ભારતના ચૂંટણી પંચમાં શ્રી સુશીલ ચંદ્રા સહિત નીચેના સભ્યોનો સમાવેશ થાય છે :

**ભારતના ચૂંટણી કમિશનર**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1 | શ્રી સુનિલ અરોરા | મુખ્ય ચૂંટણી કમિશનર |
| 2 | શ્રી અશોક લવાસા | ચૂંટણી કમિશનર |
| 3 | શ્રી સુશીલ ચંદ્રા | ચૂંટણી કમિશનર |

### ભારતના ચૂંટણી કમિશનરની નિમણૂક

ભારતમાં મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના **રાષ્ટ્રપતિ** દ્વારા થાય છે.

- તેમનો કાર્યકાળ **6 વર્ષ કે 65 વર્ષની ઉંમર** એ બેમાંથી જે પહેલા આવે તે હોય છે.
- ચૂંટણી કમિશનરનું સન્માન અને વેતન ભારતની **સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ** સમાન હોય છે.
- ભારતના **મુખ્ય ચૂંટણી કમિશનર**ને સંસદ દ્વારા 2/3 બહુમતીથી **મહાભિયોગ પ્રસ્તાવ** વડે જ હટાવી શકાય છે.

**નોંધ :** ભારતમાં **ચૂંટણી પંચ**ની રચના અંગેની જોગવાઈ ભારતીય બંધારણના **અનુચ્છેદ 324**માં કરવામાં આવી છે.

## ➢ વિશ્વને હરિયાળું બનાવવામાં ભારત અને ચીનનું સૌથી વધુ યોગદાન

**નાસા** દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા એક રિપોર્ટ અનુસાર **વર્ષ 2000થી 2017** દરમિયાન **વિશ્વને હરિયાળું બનાવવા**માં સૌથી વધુ યોગદાન **ભારત અને ચીનનું** છે.

- આ સમય દરમિયાન ભારત અને ચીનમાં સૌથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે.
- જે સમગ્ર વિશ્વના 1/3 જેટલા છે.
- આ ઉપરાંત આ રિપોર્ટ અનુસાર **છેલ્લા 20 વર્ષમાં વિશ્વની હરિયાળીમાં વધારો થયો** છે.

**નોંધ :** વર્ષ **2017**માં **ભારતે** ફક્ત **12 કલાકમાં 6.6 કરોડ છોડ વાવી**ને **વિશ્વ રેકોર્ડ** સર્જ્યો હતો.

## ➤ CBDTના નવા ચેરમેન તરીકે શ્રી પ્રમોદચંદ્ર મોદીની નિમણૂક



ભારતમાં **Central Board of Direct Taxes (CBDT)**ના નવા ચેરમેન તરીકે **શ્રી પ્રમોદચંદ્ર મોદી**ની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી પ્રમોદચંદ્ર મોદી **1982ની બેચના IRS ઓફિસર** છે.
- વર્ષ **2018**માં તેમને **CBDTના સભ્ય** બનાવવામાં આવ્યા હતા.
- હવે **શ્રી સુશીલ ચંદ્રા**ની જગ્યાએ તેમને CBDTના નવા ચેરમેન બનાવવામાં આવ્યા છે.

**નોંધ :** (1) ભારતમાં **CBDTના ચેરમેન** ભારત સરકારના સૌથી **વરિષ્ઠ IRS civil Servant** હોય છે.
(2) તેઓ ભારતના **મહેસૂલ સચિવ**ના સીધા નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે.
(3) તેમની નિમણૂક વડાપ્રધાનની અધ્યક્ષતાવાળી કમિટીની ભલામણને આધારે નાણાંમંત્રી કરે છે.

## ➤ સૈન્ય અભ્યાસ કોબરા ગોલ્ડ 2019

12 થી 23 ફેબ્રુઆરી, 2019 દરમિયાન **અમેરિકા અને થાઈલેન્ડ**ના **38મા** વાર્ષિક સૈન્ય અભ્યાસ **કોબરા ગોલ્ડ 2019**નું **થાઈલેન્ડ**માં આયોજન થયું છે.

- આ સૈન્ય અભ્યાસને **એશિયા-પ્રશાંત ક્ષેત્ર**નો સૌથી મોટો **બહુરાષ્ટ્રીય યુદ્ધ અભ્યાસ** માનવામાં આવે છે.
- આ સૈન્ય અભ્યાસમાં **ભારત** સહિત **29 દેશો**ના લગભગ **10,000 સૈનિકો** ભાગ લઈ રહયા છે.
- આ સૈન્ય અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ **સશસ્ત્ર દળો વચ્ચે સંકલનને પ્રોત્સાહન આપવાનો** છે.
- દર વર્ષે **થાઈલેન્ડ**માં યોજાતા આ સૈન્ય અભ્યાસમાં **અમેરિકા**ના **સૌથી વધુ સૈનિકો** ભાગ લે છે.

**નોંધ :** (1) આ યુદ્ધ અભ્યાસમાં **ચીને** સૌપ્રથમ **2015**માં ભાગ લીધો હતો. જ્યારે **ભારતે 2016**થી તેમાં ભાગ લેવાનો પ્રારંભ કર્યો છે.
(2) **વિશ્વના સૌથી મોટા બહુરાષ્ટ્રીય સૈન્ય અભ્યાસો**માં કોબરા ગોલ્ડનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE ? Questions

1. ભારતના નવા ચૂંટણી કમિશનર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી પ્રમોદચંદ્ર મોદી (B) શ્રી પ્રમોદ ચંદ્રા
(C) શ્રી સુશીલચંદ્ર મોદી (D) શ્રી સુશીલ ચંદ્રા **(D)**

2. તાજેતરમાં CBDTના ચેરમેન શ્રી સુશીલ ચંદ્રાની કોના સ્થાને ભારતના નવા ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સુનિલ અરોરા (B) શ્રી અશોક લવાસા
(C) શ્રી ઓમ પ્રકાશ શર્મા (D) શ્રી ઓ. પી. રાવત **(D)**

3. 15 ફેબ્રુઆરી, 2019ની સ્થિતિએ ભારતના ચૂંટણી પંચના સભ્યોમાં શ્રી સુશીલ ચંદ્રા ઉપરાંત નીચેનામાંથી કયા સભ્યોનો સમાવેશ થાય છે ?
(A) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર) અને શ્રી ઓમ પ્રકાશ રાવત (અન્ય ચૂંટણી કમિશનર)
(B) શ્રી નસિમ ઝૈદી (મુખ્ય ચૂંટણી કમિશનર) અને શ્રી સુનિલ અરોરા (અન્ય ચૂંટણી કમિશનર)
(C) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર) અને શ્રી અશોક લવાસા (અન્ય ચૂંટણી કમિશનર)
(D) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર) અને શ્રી એ. કે. જ્યોતિ (અન્ય ચૂંટણી કમિશનર) **(C)**

ICE Questions

4. તાજેતરમાં CBDTના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી પ્રમોદચંદ્ર મોદી (B) શ્રી પ્રકાશચંદ્ર મોદી (C) શ્રી પ્રમોદચંદ્ર જાની (D) શ્રી પ્રકાશચંદ્ર જાની **(A)**

5. CBDTના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
(1) CBDTનું પૂરું નામ Central Board For Direct Taxes છે.
(2) તેના વડા ભારત સરકારના સૌથી વરિષ્ઠ IRS અધિકારી હોય છે.
(A) 1 અને 2 (B) ફક્ત-1
(C) ફક્ત-2 (D) બંનેમાંથી એકપણ નહિ **(C)**

6. નાસા દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા એક રિપોર્ટ અનુસાર વર્ષ 2000થી 2017 દરમિયાન વિશ્વના કયા બે દેશમાં સૌથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે ?
(A) ભારત અને ચીન (B) ભારત અને રશિયા
(C) ભારત અને અમેરિકા (D) ભારત અને ઓસ્ટ્રેલિયા **(A)**

7. તાજેતરમાં 12 થી 23 ફેબ્રુઆરી, 2019 દરમિયાન કોબરા ગોલ્ડ 2019 સૈન્ય અભ્યાસનું કઈ જગ્યાએ આયોજન થયું છે ?
(A) ભારત (B) ચીન (C) થાઈલેન્ડ (D) મલેશિયા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 16 FEBRUARY, 2019 SATURDAY

## ➤ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું લોકાર્પણ

15 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **નવી દિલ્હી** ખાતેથી **'વન્દે ભારત એક્સપ્રેસ ટ્રેન'**નું લોકાર્પણ કર્યું છે.

- **મધ્યમ તેજ ગતિવાળી** આ ટ્રેન વાયા **કાનપુર** અને **પ્રયાગરાજ** થઈને **નવી દિલ્હી અને વારાણસી** વચ્ચે દોડશે.
- આ ટ્રેનથી **નવી દિલ્હી અને વારાણસી** વચ્ચેની મુસાફરી ફક્ત **8 કલાક**માં જ પૂરી થઈ જશે.

### 'વંદે ભારત એક્સપ્રેસ'ની વિશેષતા

(1) અગાઉ **ટ્રેન-18** તરીકે ઓળખાતી **ભારત**માં નિર્માણ પામેલી આ **સૌથી ઝડપી ટ્રેન** છે.
(2) **ભારત**માં નિર્માણ પામેલી આ **પ્રથમ એન્જિન રહિત ટ્રેન** છે.
(3) **મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ** હેઠળ **ચેન્નાઈ Integral Coash Factory (ICF)**માં માત્ર **18 મહિના**માં તેનું નિર્માણ થયું છે.
(4) 'વંદે ભારત એક્સપ્રેસ' એ ભારતની **સેમી-હાઈ સ્પીડ ઈન્ટરસિટી ઈલેક્ટ્રીક મલ્ટિપલ યુનિટ** ટ્રેન છે.
(5) એન્જિન રહિત આ ટ્રેનને ચલાવવા માટે **16 કોચ**ની આ ટ્રેનમાં દરેક કોચની નીચે મોટર લગાડવામાં આવી છે.

(6) ટ્રેનના બંને છેડે ડ્રાઈવર કેબિન છે તથા ટ્રેનમાં માત્ર સિટિંગ વ્યવસ્થા જ છે અને ખુરશીઓ ટ્રેન જે દિશામાં જતી હોય એ દિશામાં વાળી શકાય એવી છે. આથી ટ્રેન બંને દિશામાં ચાલી શકે છે.

(7) આ ટ્રેનમાં LED લાઈટિંગ, કોચની મોટી બારીઓ, ઓટોમેટિક દરવાજા તથા દિવ્યાંગો માટે ટોઈલેટની પણ વ્યવસ્થા છે.

નોંધ : (1) તાજેતરમાં ટ્રાયલ રનમાં આ ટ્રેનને દિલ્હી-આગ્રા વચ્ચે 180 કિમી પ્રતિ કલાકની ગતિથી દોડાવવામાં આવી હતી. જોકે, દિલ્હી-વારાણસી વચ્ચે આ ટ્રેનને 160 કિમીની સ્પીડથી દોડાવવામાં આવશે.

(2) આ ટ્રેન સોમવાર અને ગુરૂવાર સિવાય બાકીના બધા જ દિવસે ચાલશે.




## ➢ એર ઈન્ડિયાના નવા ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી અશ્વિની લોહાણીની નિમણૂક

રેલવે બોર્ડના પૂર્વ અધ્યક્ષ **શ્રી અશ્વિની લોહાણી**ની **એર ઈન્ડિયા**ના નવા **ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- એર ઈન્ડિયાના નવા ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી અશ્વિની લોહાણીની નિમણૂક **શ્રી પ્રદીપ કુમાર ખરોલા**ના સ્થાને કરવામાં આવી છે.

INSTITUTE

### શ્રી અશ્વિની લોહાણી



**ઉત્તરપ્રદેશ**ના **કાનપુર**માં જન્મેલા **શ્રી અશ્વિની લોહાણી 1980**ની બેચના **ઈન્ડિયન રેલવે સર્વિસ ઓફ મિકેનિકલ એન્જિનિયર્સ (IRSME)** છે.

- આ અગાઉ ઓગસ્ટ 2017માં **રેલવે બોર્ડના અધ્યક્ષ** તરીકે તેમની નિમણૂક થઈ હતી અને તેઓ ડિસેમ્બર 2018માં સેવા નિવૃત્ત થયા હતા.
- રેલવે બોર્ડના અધ્યક્ષ તરીકે સ્વાગત–વિદાઈ વગેરે જેવા સમારંભો પર થતા ખોટા ખર્ચા પર પ્રતિબંધ મૂકયો હતો.
- ભારતમાં બનેલી સૌથી ઝડપી **ટ્રેન-18**નો શ્રેય પણ તેમને જ મળે છે.

- આ ઉપરાંત આ અગાઉ ઓગસ્ટ, 2015થી ઓગસ્ટ 2017 દરમિયાન પણ **એર ઈન્ડિયાના ચેરમેન તથા મેનેજિંગ ડિરેક્ટર** તરીકે શ્રી અશ્વિની લોહાણીની નિમણૂક કરવામાં આવી હતી.
- આ સમયગાળા દરમિયાન એર ઈન્ડિયાને લાંબા સમય બાદ નાણાકીય વર્ષ 2017માં રૂ. 105 કરોડનો ઓપરેટિંગ પ્રોફિટ થયો હતો.

નોંધ :(1) ભારતમાં **CBDTના ચેરમેન** ભારત સરકારના સૌથી **વરિષ્ઠ IRS civil Servant** હોય છે.
(2) તેઓ ભારતના **મહેસૂલ સચિવ**ના સીધા નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે.
(3) તેમની નિમણૂક વડાપ્રધાનની અધ્યક્ષતાવાળી કમિટીની ભલામણને આધારે નાણાંમંત્રી કરે છે.

## ➤ પુલવામાના શહીદોની વીરતાને કોટિ કોટિ વંદન

14 ફેબ્રુઆરી, 2019ના રોજ **જમ્મુ-કાશ્મીરના પુલવામા** જિલ્લામાં **CRPF**ના કાફલા પર થયેલા આતંકી હુમલામાં ભારતના લગભગ 40 જવાનો શહીદ થયા છે.

- આ શહીદ જવાનોમાં સૌથી વધુ **ઉત્તરપ્રદેશના 12** અને **રાજસ્થાનના 5** જવાનોનો સમાવેશ થાય છે.
- જમ્મુ–કાશ્મીરમાં **જમ્મુ-શ્રીનગર હાઈવે** પર શ્રીનગરથી આશરે 20થી 30 કિમી દૂર **અવંતિપુરા** વિસ્તારમાં આ હુમલો થયો હતો.
- આદિલ અહમદ દાર નામના આતંકીએ આ હુમલો કર્યો હોવાનું કહેવાય છે.
- અને પાકિસ્તાન સ્થિત મૌલાના મસુદ અઝહરના આતંકી સંગઠન જૈસ–એ–મહમ્મદે આ હુમલાની જવાબદારી સ્વીકારી છે.



### CRPF

**CRPF**નું પૂરું નામ **'Central Reserve Police Force'** છે.

- CRPFએ ભારતનું **સૌથી મોટું કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ** છે.
- તેને ભારતનું **સૌથી મોટું અર્ધ સૈનિક દળ પણ** માનવામાં આવે છે.
- તે ભારત સરકારના **ગૃહમંત્રાલય** અંતર્ગત કાર્ય કરે છે.
- CRPFનું મુખ્ય કાર્ય **ભારતની આંતરિક સુરક્ષા જાળવવામાં સહાયતા** કરવાનું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં ચૂંટણી, આતંકવાદ સંબંધી ઘટનાઓ કે પછી કાયદો–વ્યવસ્થા સંબંધી અન્ય ઘટનાઓમાં આ દળ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોને કાયદો–વ્યવસ્થા જાળવવામાં સહાયતા કરે છે.
- સૌપ્રથમ **Crown Representative's Police** તરીકે તેની સ્થાપના **27 જુલાઈ, 1939**ના રોજ થઈ હતી.
- ભારતની આઝાદી બાદ **CRPF એક્ટ 1949** અંતર્ગત **28 ડિસેમ્બર, 1949**ના રોજ તે **CRPF** તરીકે અસ્તિત્વમાં આવ્યું હતું.
- CRPFની **239 બટાલિયનો**માં આશરે 3, 13, 600 જેટલા જવાનો કાર્યરત છે.
- CRPFનો મોટો **'Service and Loyalty'** (**'સેવા અને નિષ્ઠા'**)છે.

**નોંધ :** CRPFના વર્તમાન (16 ફેબ્રુઆરી, 2019ની સ્થિતિએ) Director General **શ્રી રાજીવ રાય ભટનાગર** છે.

## પાકિસ્તાનનો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો રદ

આ હુમલા બાદ 15 ફેબ્રુઆરી, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી **CCS (Cabinet Committe on Security)**ની બેઠકમાં **પાકિસ્તાન**ને આપેલો **મોસ્ટ ફેવર્ડ નેશન(MNF)**નો દરજ્જો પાછો ખેંચી લીધો છે.

## મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો શું છે ?

મોસ્ટ ફેવર્ડ નેશન એટલે **જેને સૌથી વધારે મહત્ત્વ આપવામાં આવે એવો દેશ**.

- ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન, ઈન્ટરનેશનલ પોલિટિક્સ અને ઈન્ટરનેશનલ ટ્રેડમાં **એક દેશ દ્વારા બીજા દેશ**ને આ દરજ્જો આપવામાં આવે છે.
- આ દરજ્જો મળવાથી દરજ્જો મેળવનાર દેશને એ બાબતની ખાતરી મળે છે કે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં તેને નુકશાન પહોંચાડવામાં આવશે નહિ.
- આ ઉપરાંત આ દરજ્જો પ્રાપ્ત દેશને વેપારમાં અને આયાતજકાતમાં કેટલીક રાહતો આપવામાં આવે છે અને અન્ય દેશોની સરખામણીએ કેટલીક ચીજો સસ્તા દરે અપાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતે પાકિસ્તાનને આ દરજ્જો ક્યારે આપ્યો હતો ?

**ભારત 1 જાન્યુઆરી, 1995**ના રોજ **World Trade Organization (WTO)**નું સભ્ય બન્યું હતું.

- WTOનું સભ્ય બન્યા બાદ ભારતે **1996**માં પાકિસ્તાનને 'મોસ્ટ ફેવર્ડ નેશન' (MNF)નો દરજ્જો આપ્યો હતો.
- જોકે, પાકિસ્તાને ભારતને આવો દરજ્જો આપ્યો નથી.

## આ દરજ્જો ક્યારે પાછો લઈ શકાય ?

**World Trade Organization (WTO)**ના **આર્ટિકલ 21B** અનુસાર **સુરક્ષા સંબંધી વિવાદો**ની સ્થિતિમાં કોઈપણ દેશ બીજા દેશને આપેલો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પાછો લઈ શકે છે.

- જોકે, આ માટે કેટલીક શરતોનું પાલન કરવું પડે છે.

### પાકિસ્તાનની વસ્તુઓ પર 200 ટકા આયાત ડ્યુટી

પાકિસ્તાનને આપેલો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પરત લઈ લીધા બાદ 16 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતે **પાકિસ્તાનમાંથી આયાત થતી વસ્તુઓ** પર **200 ટકા આયાત ડ્યુટી** નાખવામાં આવી છે.

- 200 ટકા આયાત ડ્યુટીનો સીધો અર્થ એ છે કે પાકિસ્તાનમાંથી આયાત થતી વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવો.
- પાકિસ્તાનમાંથી ભારતમાં આયાત થતી વસ્તુઓમાં **સિમેન્ટ અને ફળ** મુખ્ય છે.
- ભારતના આ પગલાથી પાકિસ્તાનને દર વર્ષે આશરે રૂ. 3500 કરોડનું નુકશાન થશે.
- વર્ષ 2017માં ભારતે પાકિસ્તાન પાસેથી આશરે રૂ. 3482.3 કરોડની વસ્તુઓ આયાત કરી હતી.

### કાશ્મીરના ભાગલાવાદી નેતાઓની સુરક્ષા બંધ

17 ફેબ્રુઆરી, 2019ના રોજ કેન્દ્ર સરકારે ભારતમાં રહીને જ ભારત વિરોધી પ્રવૃત્તિ કરતા કાશ્મીરના **6 ભાગલાવાદી નેતાઓ**ની સુરક્ષા પાછી ખેંચી લીધી છે.

- કાશ્મીરના આ છ ભાગલાવાદી નેતાઓમાં **મીરવાઈઝ ઉમર ફારુક, અબ્દુલ ગની બટ, હાશિમ કુરેશી, બિલાલ લોન, ફઝલ હક કુરેશી અને શબ્બીર શાહ**નો સમાવેશ થાય છે.

## ➤ 'Sine Die Adjournment'

ભારતની વર્તમાન **16મી લોકસભા**નું અંતિમ સત્ર 13 ફેબ્રુઆરી, 2019ના રોજ પૂર્ણ થયું છે.

### Sine Die Adjournment

કયારેક એવું બને છે કે ગૃહના અધ્યક્ષ અથવા સભાપતિ ગૃહને સ્થગિત તો કરે છે, પરંતુ ગૃહ ફરીથી કયારે મળશે એ અંગે જાહેરાત કરતા નથી. આ પ્રકારના સ્થગનને **'અનિશ્ચિતકાળ માટે સ્થગન'** કે **'Sine Die Adjournment'** કહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE ? Questions

1. 15 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતમાં બનેલી ભારતની સૌથી ઝડપી અને ભારતની પ્રથમ એન્જિન રહિત ટ્રેન 'વંદે ભારત એક્સપ્રેસ'નું કોણે લોકાર્પણ કરાવ્યું છે ?
   (A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી પીયૂષ ગોયલ
   (C) શ્રી રામનાથ કોવિંદ (D) શ્રી યોગી આદિત્યનાથ
   **(A)**

2. 15 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન'નું કયાંથી લોકાર્પણ કર્યું છે ?
   (A) કાનપુર (B) પ્રયાગરાજ (C) નવી દિલ્હી (D) વારાણસી
   **(C)**

3. 15 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતમાં કયા બે શહેરો વચ્ચે વંદે ભારત એક્સપ્રેસનો પ્રારંભ થયો છે ?
   (A) નવી દિલ્હી અને કાનપુર (B) નવી દિલ્હી અને પટના
   (C) નવી દિલ્હી અને પ્રયાગરાજ (D) નવી દિલ્હી અને વારાણસી
   **(D)**

4. એર ઈન્ડિયાના નવા ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી અશ્વિન ખરોલા (B) શ્રી પ્રદીપ કુમાર ખરોલા
   (C) શ્રી અશ્વિની લોહાણી (D) શ્રી પ્રદીપ કુમાર લોહાણી
   **(C)**

## ICE Questions

5. 14 ફેબ્રુઆરી, 2019ના રોજ જમ્મુ–કાશ્મીરમાં પુલવામા જિલ્લાના કયા વિસ્તારમાં થયેલા આતંકી હુમલામાં ભારતના આશરે 40 જવાનો શહીદ થયા હતા ?
(A) જલાલપોર (B) મદનીપુરા (C) અવંતિપુરા (D) જગદલપુર **(C)**

6. CRPFનું પૂરું નામ શું છે ?
(A) Central Reserch Police Force (B) Central Reserve Police Force
(C) Central Repid Police Force (D) Central Rapid Police Force **(B)**

7. CRPF ભારત સરકારના કયા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે ?
(A) સંરક્ષણ મંત્રાલય (B) ગૃહ મંત્રાલય (C) A અને B બંને (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

8. CRPFનો મોટો શું છે ?
(A) શૌર્ય અને બલિદાન (B) શૌર્ય અને નિષ્ઠા (C) સેવા અને બલિદાન (D) સેવા અને નિષ્ઠા **(D)**

9. ભારતે પાકિસ્તાનને મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો કયારે આપ્યો હતો ?
(A) 1995 (B) 1996 (C) 1997 (D) 1998 **(B)**

10. ભારતે તાજેતરમાં પાકિસ્તાનથી આયાત થતી વસ્તુઓ પર કેટલા ટકા આયાત ડ્યુટી નાંખી છે ?
(A) 100 ટકા (B) 200 ટકા (C) 150 ટકા (D) 75 ટકા **(B)**

11. ગૃહના અધ્યક્ષ અથવા સભાપતિ દ્વારા ગૃહ સ્થગિત કરવામાં આવે પરંતુ નવું સત્ર કયારે મળશે તેની જાહેરાત કરવામાં ન આવે એવું સ્થગન કયા નામે ઓળખાય છે ?
(A) શૂન્ય કાળ સ્થગન (B) સાઈન ડાઈ સ્થગન (C) લેમ ડક સ્થગન (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ પરમાણુ ટેક-2019 સંમેલન

ભારત સરકારના વિદેશ મંત્રાલય અને પરમાણુ ઉર્જા વિભાગ દ્વારા તાજેતરમાં નવી દિલ્હી ખાતે 'પરમાણુ ટેક-2019' સંમેલનનું આયોજન થયું હતું. આ સંમેલનમાં પરમાણુ ઉર્જા અને રેડીયેશન ટેક્નોલોજી સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે આ સંમેલનમાં મુખ્ય સંબોધન કર્યું હતું.

## ➤ મૈથિલી ભાષાના સંરક્ષણ માટે દરભંગામાં પાંડુલિપિ કેન્દ્ર સ્થપાશે

તાજેતરમાં ભારત સરકારના **માનવ સંસાધન વિકાસ મંત્રાલય** દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ભારતમાં **મૈથિલી ભાષા**ના સંરક્ષણ, સંવર્ધન અને વિકાસ માટે **બિહાર**ના **દરભંગા**માં **પાંડુલિપિ કેન્દ્ર**ની સ્થાપના કરવામાં આવશે.

## ➤ ભારત અને નોર્વે વચ્ચે સમુદ્રી પ્રદૂષણ ઘટાડવા માટે સમજૂતી

**સમુદ્રી પ્રદૂષણ**નો ઘટાડો તથા **બ્લ્યૂ અર્થવ્યવસ્થા**ના વિકાસ માટે તાજેતરમાં ભારત સરકારના **પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ** મંત્રાલય તેમજ **નોર્વે**ના **વિદેશ મંત્રાલય** વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

## ➤ બાહ્ય અંતરિક્ષ અંગે ભારત ફિનલેન્ડના MoUને કેબિનેટની મંજૂરી

**બાહ્ય અંતરિક્ષના શાંતિપૂર્ણ ઉપયોગ** માટે આ ક્ષેત્રમાં સહયોગ વધારવા **ભારત અને ફિનલેન્ડ** વચ્ચે 10 જાન્યુઆરીના રોજ થયેલા MoUને કેન્દ્રીય કેબિનેટ દ્વારા તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે.

## ➤ કાચા શણના MSPમાં વધારો

નાણાકીય વર્ષ **2018-19** દરમિયાન **કાચા શણનો ટેકાનો ભાવ (Minimum Support Price-MSP) રૂ. 3700** હતી. જે નાણાકીય વર્ષ **2019-20** માટે વધારીને **રૂ. 3950** કરવામાં આવી છે.

## ➤ ઈ-દવા પોર્ટલ

તાજેતરમાં ભારત સરકારના **આયુષ** મંત્રાલયનો રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો સંભાળી રહેલા મંત્રી **શ્રી શ્રીપદ યેસો નાઈકે** **'ઈ-દવા પોર્ટલ'**નો શુભારંભ કર્યો છે. ભારતમાં આયુષ દવાઓની ઓનલાઈન લાઈસન્સ સિસ્ટમ માટે આ પોર્ટલનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## ➤ રાજસ્થાનમાં હવે અભણ વ્યક્તિ પણ બની શકશે સરપંચ અને મેયર

તાજેતરમાં **રાજસ્થાન વિધાનસભા**માં **પંચાયતીરાજ સંશોધન વિધેયક** અને **નગરપાલિકા સંશોધન વિધેયક** પસાર કરવામાં આવ્યું છે. આ વિધેયક અનુસાર રાજસ્થાનમાં પંચાયતીરાજ અને નગરપાલિકાઓની ચૂંટણી લડવા માટે શૈક્ષણિક લાયકાતની જોગવાઈ રદ કરવામાં આવી છે. આથી હવે રાજસ્થાનમાં અભણ વ્યક્તિ પણ સરપંચ જિલ્લા પંચાયતનો પ્રમુખ કે પછી મેયર બની શકશે.

## ➤ સંસદના સેન્ટ્રલ હોલમાં શ્રી અટલબિહારી વાજપેઈજીના ચિત્રનું અનાવરણ

12 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** ભારતની **સંસદના સેન્ટ્રલ હોલ**માં પૂર્વ વડાપ્રધાન **શ્રી અટલબિહારી વાજપેઈજી**ના ચિત્રનું અનાવરણ કર્યું હતું.


## વિશ્વ

### ➤ ચુંબકીય ઉત્તર ધ્રુવ દર વર્ષે 55 કિમી ખસે છે

તાજેતરમાં વૈજ્ઞાનિકોએ આપેલી માહિતી અનુસાર ચુંબકીય ઉત્તર ધ્રુવ તેની જગ્યાએથી દર વર્ષે 55 કિલોમીટર જેટલો ખસી રહયો છે. અને વર્ષ 2017માં તેણે ઈન્ટરનેશનલ ડેટ લાઈન (IDL) પણ પાર કરી લીધી છે. આથી હવે સમુદ્ર તેમજ હવાઈ યાત્રા દરમિયાન દિશા નક્કી કરવામાં મુશ્કેલી થઈ રહી છે. સમુદ્ર તથા હવાઈ યાત્રા દરમિયાન ચુંબકીય ઉત્તર ધ્રુવની મદદથી Compass (હોકાયંત્ર) દ્વારા દિશા નક્કી કરવામાં આવે છે.

GPSC 1/2, PSI/CONSTABLE, Dy. S.O./ Dy. MAMLATDAR, તલાટી, બિનસચિવાલય કલાર્ક, વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ભારતનો ઇતિહાસ




- GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ પરીક્ષાલક્ષી પુસ્તક
- અગાઉની પરીક્ષામાં પૂછાઇ ગયેલા પ્રશ્નોનો ચેપ્ટરવાઇઝ સમાવેશ
- સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને થયેલો ભારતના ઈતિહાસનો તદ્દન સરળ અભ્યાસ
- મહત્ત્વની માહિતીના રિવિઝન માટે ICE FACT અને CHAPTER FACTનો પ્રયોગ

Available at amazon

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

વધુ માહિતી માટે
CALL
93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ICE ? Questions

- તાજેતરમાં ફેબ્રુઆરી 2019 દરમિયાન 'પરમાણુ ટેક-2019' સંમેલનનું આયોજન કયાં થયું હતું ?
  – નવી દિલ્હી
- કેન્દ્રીય માનવ સંસાધન મંત્રાલય દ્વારા તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર બિહારના દરભંગામાં કઈ ભાષાના સંરક્ષણ માટે પાંડુલિપિ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે ? – મૈથિલી ભાષા
- તાજેતરમાં ભારત સરકારના પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય દ્વારા કયા દેશના વિદેશ મંત્રાલય સાથે સમુદ્રી પ્રદૂષણ ઘટાડવા માટે કરાર કરવામાં આવ્યા છે ? – નોર્વે
- તાજેતરમાં બાહ્ય અંતરિક્ષના શાંતિપૂર્ણ ઉપયોગ અંગે ભારતના કયા દેશ સાથે થયેલા MoUને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે ? – ફિનલેન્ડ
- વર્ષ 2019-20 માટે કેન્દ્ર સરકારે કાચા શણનો ટેકાનો ભાવ (Minimum Support Price) કેટલી જાહેર કરી છે ?
  – રૂ. 3950
- તાજેતરમાં ભારતમાં આયુષ દવાઓની ઓનલાઈન લાઈસન્સ સિસ્ટમ માટે કયા પોર્ટલનો પ્રારંભ થયો છે ?
  – ઈ–દવા પોર્ટલ
- તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં પંચાયતીરાજ અને નગરપાલિકાની ચૂંટણી લડવા માટે શૈક્ષણિક લાયકાતની જોગવાઈ રદ કરવામાં આવી છે ? – રાજસ્થાન
- તાજેતરમાં ભારતની સંસદના સેન્ટ્રલ હોલમાં ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેઈજીના ચિત્રનું અનાવરણ કોણે કર્યું હતું ? – શ્રી રામનાથ કોવિંદ
- તાજેતરમાં વૈજ્ઞાનિકોએ આપેલી માહિતી અનુસાર ચુંબકીય ઉત્તરી ધ્રુવ દર વર્ષે તેની જગ્યાએથી કેટલા કિમી ખસી રહયો છે ? – 55 કિમી

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.